# ચિલોડા સજ્જડ બંધ





સાબરકાંઠાના ઢૂંઢર ગામે ૧૪ માસની માસુમ બાળકી સાથે નરાધમ પરપ્રાંતિય ઈસમ દ્વારા દુષ્કર્મના બનાવ બાદ લોકોમાં ઉગ્ર રોષ ભભુકી ઉઠ્યો છે. આરોપીને જલદીથી ફાંસી આપવાની માગં સાથે દીકરી બચાવો, અમારી દીકરીને ન્યાય આપો, ગુજરાત બચાવોના બુલંદ અવાજ સાથે વિવિધ સમાજના સંગઠનો દ્વારા સજ્જડ બંધ, વિશાળરેલી દ્વારા પરપ્રાંતિય ગુનાહિત તત્વોને કાઢી મુકવા સાથે વિવિધ માંગણી સાથે સરકારી અધિકારીઓને આવેદનપત્ર પાઠવવામાં આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકે પીડિતાના મુદ્દે ક્ષત્રિય ઠાકોરસેના દ્વારા ચિલોડા ગામના મુખ્યચોક મહાકાલી મંદિરેથી ચિલોડા સર્કલ સુધી વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કેટલાક ક્ષત્રિય ઠાકોર સેનાના હોદ્દેદારો અને કાર્યકરોએ ગામમાં રહેતા પરપ્રાંતિય લોકોને ગામ





છોડી દેવા નમ્રતાથી જણાવ્યું હતું. ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણી ગોવિંદજી ઠાકોર, રાજુ વાઘેલા, શકરાજી ઠાકોરે આગેવાની હેઠળ પ્લેકાર્ડ અને બેનર સાથે શિસ્તબદ્ધ, બેટી બચાવો, ન્યાય આપો, ગુનેગારને ફાંસી આપો, ગુજરાત બચાવોના સુત્રોચ્ચાર સાથે રેલી બજારમાંતી થઈ ચિલોજા સર્કલે પહોંચી હતી. ત્યાં સભારૂપે એકત્રીત થઈ કલેક્ટર કચેરીએ આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા. ચિલોડા ખાતે પિડિતાના મુદ્દે ચિલોડા મુખ્ય બજાર, દહેગામ-ગાંધીનગર, હિંમતનર, અમદાવાદ, સાદરા વિસ્તારના તમામ કોમ્પ્લેક્ષો, દુકાનો, નાના મોટા વેપાર લારી ગલ્લાઓ પિડિતાના સમર્થનમાં તથા આરોપીને કડકમાં કડક સજાની માંગ સાથે સ્વયંભુ બજાર બંધ રાખી સખત વિરોધ નોંધાવ્યો હતો. આ રેલીમાં ચિલોડાના આજુબાજુના તમામ કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## વેપારીઓએ સ્વયં બંધ પાળી વિરોધ નોંધાવ્યો, ઠાકોર સેનાએ રેલી કાઢી

## સિવિલમાં દર્દીઓના સગાને જમવા બેસવા માટે વ્યવસ્થા ઉભી કરાઈ

### નવી બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફલોર પર દર્દીના સગા જમવા બેસી શકશે

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલની ઓપીડી અને ઈન્ડોર વિભાગ દર્દીઓથી ઉભરાય છે. ત્યારે વોર્ડમાં સારવાર લઈ રહેલા દર્દીના સગા વોર્ડમાં કે બહારની બાજુએ બેસીને જમતા નજરે પડે છે. દરેક માળ પર આ સમસ્યા જોવા મળે છે, જેને પગલે સિવિલ તંત્ર દ્વારા નવા બિલ્ડીંગના ભોંયતળીએ ખાલી પડેલી જગ્યામાં દર્દીના સગા શાંતિથી બેસીને જમી શકે તે માટે વ્યવસ્થા ઉભી કરાઈ છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલમાં તાવથી માંડીને હિમોડાયાલીસના દર્દીઓ સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજને પગલે આરોગ્ય લક્ષી સુવિધા વધારો થતા દર્દીઓનો ધસારો રહે છે. જેથી નવી બિલ્ડીંગના દરેક માળ પર આવેલા વિવિધ વોર્ડમાં દર્દીઓથી ભરાયેલો જોવા મળે છે. ત્યારે દર્દીના સાથે રહેલા સ્નેહીજનોને જમવા બેસવા માટે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. વોર્ડમાં દર્દીના બાજુમાં નીચે અથવા વોર્ડની બહાર ખુલ્લી જગ્યામાં જમતા નજરે પડે છે. જેથી વોર્ડમાં એંઠવાડને પગલે ગંદકી થાય છે. દર્દીના સગા જમ્યા બાદ વાસણ સાફ કરતા હોવાથી ગટરો પણ ભરાઈ જવાના કિસ્સા બને છે. જેથી દર્દીના સગા એક જ સ્થળે બેસીને શાંતિથી જમી શકે તે માટે તંત્ર દ્વારા નવી બિલ્ડીંગના ભોંયતળીએ આવેલી જગ્યાની પસંદગી કરવામાં આવી છે. આ સ્થળે ગંદકી ના થાય અને દર્દીના સગા ખોરાક ગટરમાં ન નાંખે તે માટે પણ ખાસ વ્યવસ્થા ઉભી કરાઈ છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તમને તો ખબર જ છે... અમે આફતને અવસરમાં ફેરવવાવાળા છીએ...!!

## મહુન્દ્રા પાટીયા પાસે દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

ગાંધીનગર, તા. ૪

ચિલોડા-હિંમતનગર હાઈવે પર સ્થિત મહુન્દ્રા ગામના પાટીયે આવેલી હરિયાણા હોટલ પાસેથી આરઆરસેલની ટીમે દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડી હતી. પોલીસે વિદેશી દારૂ સહિતનો રૂ. ૧૮.૫૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી હતી. જેની વધુ તપાસ ચિલોડા પોલીસ ચલાવી રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ચિલોડા-હિંમતનગર માર્ગ પર મહુન્દ્રા ગામ પાસે હરિયાણા હોટલ આવેલી છે. જ્યાં પાર્ક કરેલી ટ્રક નં. આર.જે.૨.જીએ.૬૯૭૩માં વિદેશી દારૂનો જથ્થો છે. તેવી બાતમી રાજયકક્ષાની આરઆરસેલની ટીમને મળી હતી. જે બાતમીના આધારે આરઆરસેલની ટીમે દરોડો પાડી ટ્રકમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો



હતો. પોલીસ તપાસ કરતા તેમાં ૩,૧૩૨ નંગ દારૂની બોટલ કિં. રૂ. ૮,૪૯,૬૦૦ મળી આવી હતી. પોલીસે આ ઉપરાંત ટ્રક અને દારૂ સહિતનો રૂ. ૧૮,૫૬ લાખના મુદ્દામાલ સાથે આરોપી શખ્સ ઈમરાન અબ્દુલ્લા નાયી (રહે. રાજસ્થાન)ની પણ ધરપકડ કરી હતી. આ મામલે વધુ તપાસ ચિલોડા પોલીસ ચલાવી રહી છે.





ગાંધીનગર ખાતે ગોપાલક વિદ્યા સંકુલમાં જે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમોમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી પ્રથમ, દ્વિતિય કે તૃતીય ક્રમાંક હાંસલ કર્યા હોય તેમને સન્માનવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ચીનુભાઈ પટેલના હસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા પ્રિફેકટ બેઈઝનું વિતરણ કરાયું હતું તેમજ પરીક્ષાઓમાં પ્રથમ ક્રમાંકે પાસ થનારા વિદ્યાર્થીઓને પ્રિફેકટ બેઈઝ એનાયત કરાયા હતા.

## મોટી શિહોલીનો યુવાન ગુમ

ગાંધીનગર નજીકના મોટી શિહોલી ગામે રહેતા ૪૨ વર્ષીય ગીરીશભાઈ કેશવલાલ પટેલ ગત ૩૦મી સપ્ટેમ્બરના રોજ થરાદ જવાનું કહીને કયાંક ચાલ્યા ગયા છે. ગુમ થનાર ગીરીશભાઈના ભાઈ પ્રવિણચંદ્ર પટેલે ચિલોડા પોલીસમાં પોલિસ ફરિયાદ નોંધાવી હતી. ગુમ થનાર ગીરીશભાઈએ શરીરે મરુન કલરનો ચેકસ શર્ટ તથા બ્લેક પેન્ટ પહેરેલ છે. જે કોઈ વ્યકિત ને આ ગુમ થનારની માહિતી મળે તેઓએ ચિલોડા પોલિસ મથકમાં જાણ કરવા વિનંતી છે.

## ખેડૂતો બે ગાયો પાળે તો દેશમાં ગૌસેવા થશે

અમદાવાદ બાંસીગીર ગૌશાળા ખાતે યોજાયેલ જીવદયાપ્રેમી સંમેલનમાં ૪૫૦ જીવદયાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગૌશાળાના પ્રવેશદ્વારથી લઈ એની આંતરિક રચના, ગાયોની સાર-સંભાળ, દૂધ દોહવાની રીત, પંચગવ્યથી ઉત્કૃષ્ઠ ઉત્પાદનો બનાવવા વેચવા માટેની મહત્વપૂર્ણ જાણકારી મેળવી હતી.

મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહે જીવદયાપ્રેમીઓને જણાવ્યું હતું કે સૌ ખેડૂતો બે બે ગાયોનું પાલન કરે તો દેશમાં કરોડો ગૌવંશ થશે. ગૌશાળાનું મેનેજમેન્ટ અપ્રિતમ છે. ગાયોની સારસંભાળની સાથે સાથે દેશી નસ્લની ગાયોનું સંવર્ધન વિશે ભાર મુક્યો હતો. ગીરીશભાઈ શાહના હસ્તે ચેકો અર્પણ કરવામાં આવ્યા હતા.



### ગુજરાત ક્ષત્રિય સેના દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર

હિંમતનગર તાલુકાના ગાંભોઈ નજીક એક ગામમાં ૧૪ માસની માસુમ દિકરી પર દુષ્કર્મ ગુજારનાર યુવાનને ફાંસીની સજા કરવામાં આવે તે માટે ગાંધીનગર જિલ્લા કલેકટરને ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોએ આવેદન પત્ર પાઠવી રજુઆત કરી હતી. ઠાકોર સેનાએ ન્યાયતંત્ર દ્વારા આરોપીને કડકમાં કડક સજા કરવામાં આવે તેવી માંગ કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા-તાલુકાના ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો હાજર રહ્યા હતા.

## ગાંધીનગરના ખેલાડીઓની રાજ્યકક્ષાએ પસંદગી

ગાંધીનગરના સેકટર-૧૫માં સાઈ સ્ટેડિયમ ખાતે જિલ્લાકક્ષાની અન્ડર-૧૯ માટેની હેન્ડબૉલ ચેમ્પિયનશીપ યોજાઈ ગઈ. જેમાં સાઈની બૉયઝ ટીમ અને ગર્લ્સ ટીમ બંને દ્વિતિયસ્થાને વિજેતા બની હતી. આ બંને ટીમમાંથી પાંચ બૉયઝ ખેલાડી અને પાંચ ગર્લ્સ ખેલાડીની રાજ્યકક્ષા માટે પસંદગી થવા પામી છે. જેના કોચ મહેશ્વરી ધુમાલ છે અને આ તમામ ખેલાડીઓ સેક્ટર-૨૫ની હિલવુડ સ્કૂલના છે. આ ખેલાડીઓના સ્કૂલના સ્પોર્ટસ ટીચર્સ રૂપલ પ્રજાપતિ અને મીની તથા પ્રિન્સિપાલ કિરણ ઉપાધ્યાયે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.



### એમબીએના વિદ્યાર્થીઓ શ્રમ વિભાગની મુલાકાતે

ગાંધીનગરમાં સેકટર-૨૩ સ્થિત એસ.કે. પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝના એમબીએમાં હ્યુમન રિસોર્સ વિષયના વિદ્યાર્થીઓએ ઉદ્યોગ ભવન ખાતે શ્રમ વિભાગના કાર્યાલયની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે રાજ્યના ડેપ્યુટી લેબર કમિશ્નર ડૉ. ડી.સી. બક્ષીએ વિદ્યાર્થીઓને ભારતમાં શ્રમ કાનુનના પાલન અંગે લેવાતા પગલાં તથા શ્રમ વિભાગની કામગીરી અંગે ઉપયોગી માહિતી પ્રદાન કરી હતી. સંલગ્ન મુલાકાત કોલેજના કો. ઓર્ડિનેટર કૃપા મહેતા દ્વારા વિભાગના ડીન ડૉ. ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવી હતી.




### ઈટાદરા ખાતેથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

પાટણ સીટી બી-ડીવીઝન પોલીસ મથકની હદમાં ગુનો કરી છેલ્લા સાત માસથી નાસતો ફરતો આરોપી ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે ઈટાદરા બસ સ્ટેન્ડ ખાતેથી દબોચી લીધો હતો અને તેની વિરૂધ્ધ વધુ તપાસ શરુ કરી છે. ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની ટીમ આજે પેટ્રોલિંગમાં હતી જયારે પાટણ સીટી બી ડિવીઝન પોલીસ મથકમાં ગુનો કરી નાસતો ફરતો આરોપી કાનાજી આતાજી ઠાકોર રહે. (ઈટાદરા) માણસાની બાતમી મળી હતી જે બાતમીને આધારે તેને ઈટાદરા બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી પાડયો હતો આરોપી સામે ગાડીની લેતી દેતી મામલે રૂ. ૨.૫૦ લાખની છેતરપીડીની ફરિયાદ નોંધાઈ હતી.

## ચિલોડા પ્રાથમિક શાળા ખાતે ગાંધી જયંતિની અનોખી ઉજવણી

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે ચિલોડા સ્થિત પ્રાથમિક શાળામાં સવારથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ શાળાના બાળકોએ હાથમાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા, સ્વચ્છતા હી સેવાના પ્લેબોર્ડ સાથે ગાંધીપ્રિય ભજનો ગાતાં ગાતાં પ્રભાતફેરીની રેલી ગામમાં કાઢવામાં આવી હતી. ત્યારબાદ શાળાના પટાંગણમાં શિક્ષકો દ્વારા સભામાં ગાંધી બાપુની પ્રતિમાને સુતરની આંટી દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે એસ.એમ.સી.ના શિક્ષણવિદ નટુભાઈ પટેલે ગાંધીજીના જીવનકવન વિશે બાળકોને પ્રસંગો સહિત પ્રેરણારૂપ પ્રવચન આપ્યું હતું. શાળાના શિક્ષક મહેન્દ્રભાઈએ ગાંધી વિચારોનું આગવી શૈલીમાં પ્રસંગો રજૂ કર્યા હતા. આ પ્રસંગે બાળકોએ વિચારોનું વાંચન, ગાંધીપ્રિય ભજનો, વક્તૃત્વ સ્પર્ધા, શાળા સફાઈ વગેરે કાર્યક્રમોમાં ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## પેટ્રોલ-ડીઝલની કિંમત ઘટાડવાના નિર્ણયને આવકારતા જીતુભાઈ વાઘાણી

ગાંધીનગર, તા. ૪

કેન્દ્રની ભાજપની સરકારના નાણાંમંત્રી અરૂણ જેટલીજીએ આજે પેટ્રોલ અને ડીઝલ પરની કેન્દ્ર સરકારની એકસાઈઝ ડ્યૂટીમાં રૂ. ૧.૫૦ તથા ઓઈલ કંપનીઓ દ્વારા રૂ. ૧ના ઘટાડાની જાહેરાત કરીને ગ્રાહકોને રાહત પહોંચાડવાના નિર્ણયને ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ આવકારીને કેન્દ્ર સરકારને અભિનંદન પાઠવ્યા છે.

તદ્ઉપરાંત ગુજરાતની ભાજપની સરકારના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ કેન્દ્રના નાણાંમંત્રીના આહ્‌વાનને પગલે ગુજરાત સરકારે પણ પેટ્રોલ-ડીઝલની કિંમતો પર રૂ. ૨.૫૦ના ઘટાડાની જાહેરાત કરી ગુજરાતના લોકોને કુલ રૂ. ૫-૦૦ની રાહત મળશે તેવી જાહેરાતને પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ આવકારીને ગુજરાત સરકારને અભિનંદન પાઠવ્યા છે.

અગાઉ પણ રૂ. ૨-૦૦ નો ઘટાડો કેન્દ્ર સરકારે કર્યો હતો ત્યારે ભાજપ-એનડીએની રાજ્ય સરકારોએ પણ પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ઘટાડો કર્યો હતો. નાણાંમંત્રી જેટલીજીએ રાજ્ય સરકારોને પણ રૂ. ૨.૫૦નો ઘટાડો તેના કિંમતમાં કરીને કુલ રૂ. ૫-૦૦નો ઘટાડો પેટ્રોલ-ડીઝલમાં કરીને ગ્રાહકોને લાભ આપે તેવી વિંનતી કરી છે. આને પગલે ગુજરાત સરકારે પણ કિંમતમાં ઘટાડાની જાહેરાત કરી છે.

ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય બજાર ભાવ ૮૬ ડોલરે પહોંચ્યા છે જેનાથી અર્થવ્યવસ્થા પર અસર થાય છે ત્યારે પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો કરીને ભાજપની સરકારે ગ્રાહકોને રાહત પહોંચાડવાનો પ્રસંશનીય પ્રયાસ કર્યો છે.